### સાંસદોના પ્રણવને ૫૨૭ અને સંગમાને ૨૦૬ મત

# પ્રણવ મુખર્જી બન્યા દેશના ૧ ૩મા રાષ્ટ્રપતિ

## મુલાયમસિંહ સહિત ૧૫ સાંસદોનાં મત ગેરલાયક જાહેર : રાષ્ટ્રપતિ બનવા માટે જરૂરી મત કરતાં પ્રણવને ખૂબ વધારે મત : શરૂઆતથી જ લીડ મેળવી



નવીદિલ્હી, તા.૨૨

યુપીએનાં ઉમેદવાર અને ભૂતપૂર્વ નાણામંત્રી પ્રણવ મુખર્જી આજે દેશનાં ૧ ૩મા રાષ્ટ્રપતિ બની ગયા હતાં. આની સાથે જ છેલ્લાં ઘણાં દિવસથી ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો હતો. પ્રણવ મુખર્જી પહેલાંથી જ હોટફેવરિટ હતાં અને તેમની જીત નિશ્ચિત દેખાઈ રહી હતી પરંતુ ઔપચારિકતા આજે સાંજે પૂરી થઈ હતી. પ્રણવ મુખર્જીને દેશનાં નવા રાષ્ટ્રપતિ બનવા માટે જરૂરી મત પહેલાંથી જ મળી ગયા હતાં. પ્રણવ મુખર્જીને જીતવા માટે જરૂરી ૫૨૫૧૪૦ મત મળ્યા હતાં. પ્રણવને ૫૫૮૦૦૦ મત મળતાંની સાથે જ તેમની જીત થઈ ગઈ હતી અને ઉજવણી કરવામાં આવી હતી. પ્રણવ મુખર્જીએ એનડીએનાં ઉમેદવાર પી.એ.સંગમાને જંગી અંતરથી હાર આપી છે. કોંગ્રેસી સભ્યોએ આજે સવારથી ઉજવણી શરૂ કરી દીધી હતી. પ્રણવ મુખર્જીનાં આવાસ ૧૩ તાલકટોરા ખાતે સુરક્ષા વધારી દેવામાં આવી હતી. સવારથી જ સભ્યો પહોંચવા લાગ્યા હતાં અને અભિનંદનનો વરસાદ શરૂ થઈ ગયો હતો. અગાઉ સંસદભવનનાં હોલ નંબર ૬૩માં મત ગણતરીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સાંસદોનાં મતમાં પ્રણવને ૫૨૭ જ્યારે તેમનાં હરીફ સંગમાને ૨૦૬ સાંસદોનાં મત મળ્યા છે જ્યારે ૧૫ સાંસદોનાં મતને ગેરકાયદે ગણવામાં આવ્યાં છે. મતગણતરી મોડે સુધી ચાલ હતી. મળેલાં વોટની કિંમત ૫૫૮૦૦૦થી વધુ થઈ ચૂકી છે જ્યારે સંગમાને મળેલાં મતની કિંમત ૨૦૦૦૦૦થી વધારે છે. પ્રણવને જીત મેળવવા માટે ૫૨૫૧૪૦ મતની જરૂર હતી જે પહેલાંથી જ મળી ચૂક્યા છે. મત ગણતરીને ધ્યાનમાં લઈને સુરક્ષા વ્યવસ્થા પહેલાંથી જ વધારી દેવામાં આવી હતી. જંગી અંતરથી પ્રણવ ચૂંટણી જીતી ગયા છે. પ્રણવ મુખર્જી કેવા પ્રકારનાં રાષ્ટ્રપતિ સાબિત થશે તેને લઈ રાજકીય પક્ષોમાં ગણતરી શરૂ થઈ ચૂકી છે. દિલ્હીનાં મુખ્યમંત્રી શીલા દિક્ષીતે કહ્યું છે કે, વર્ષોનાં અનુભવનાં કારણે પ્રણવ સૌથી બુદ્ધિશાળી રાષ્ટ્રપતિ સાબિત થશે. રાજસ્થાનનાં મુખ્યમંત્રી અશોક ગેહલોતે અભિનંદન આપતાં કહ્યું છે કે, જ્યારથી તેમનાં નામની જાહેરાત થઈ હતી ત્યારથી સમગ્ર દેશમાં તેમની તરફેણમાં વાતાવરણ હતું. મમતા બેનર્જીનાં નેતૃત્વમાં તૃણમૂલ કોંગ્રેસનું સમર્થન મળી ગયા બાદ પ્રણવ મુખર્જીની જીત નિશ્ચિત થઈ ગઈ હતી. પ્રણવ મુખર્જીને કોંગ્રેસનાં નેતૃત્વમાં યુપીએ ઉપરાંત સમાજવાદી પાર્ટી, બહુજન સમાજપાર્ટી, રાષ્ટ્રીય જનતાદળ, જનતાદળ(યુ), શિવસેનાનું સમર્થન મળ્યું હતું. આ ઉપરાંત સીપીએમ અને ફોરવર્ડ બ્લોકે પ્રણવ મુખર્જીને સમર્થન આપ્યું હતું. મતગણતરીની પ્રક્રિયા બાદ તેમની જીતની વિધિવત્ જાહેરાત થઈ હતી. એનસીપીનાં ભૂતપૂર્વ નેતા સંગમાને ભાજપ, બીજેડી, શિરોમણિ અકાલીદળ અને અન્નાદ્રમુકનાં સાંસદોનાં મત મળ્યા હતાં. ગોવા, ગુજરાત, છત્તીસગઢ, મધ્યપ્રદેશમાંથી ધારાસભ્યોનાં મત મળ્યા હતાં. કર્ણાટકમાંથી ક્રોસવોટિંગના સમાચાર મળ્યા હતાં. ડઝનથી વધુ ભાજપનાં ધારાસભ્યોએ પ્રણવ મુખર્જીને મત આપ્યો હતો. સાંસદોમાંથી મોટાભાગે ટેકો મળ્યો હતો. ૧૯ જુલાઈનાં દિવસે ચૂંટણીમાં કુલ ૭૪૮ સાંસદોએ મતદાન કર્યું હતું. કુલ મત પૈકી મુખર્જીને ૭૨૭ મત મળ્યા છે જ્યારે સંગમાને ૨૦૬ મત મળ્યા છે. સપાનાં વડા મુલાયમસિંહ સહિત ૧૫ મત ગેરકાયદે ઠેરવવામાં આવ્યા છે. ૪૮૯૬ ઈલેક્ટર્સ પૈકી ૯૫ ટકાએ તેમનાં મતાધિકારનો ઉપયોગ ગુરૂવારે કર્યો હતો. સંસદભવન અને અન્ય ૩૦ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાન કેન્દ્રો સ્થાપિત કરાયા હતાં.

## પ્રણવ મુખર્જી પ્રોફાઈલ

| | | |
|---|---|---|
| નામ | : | પ્રણવકુમાર મુખર્જી |
| જન્મતારીખ | : | ૧૧ ડિસેમ્બર, ૧૯૩૫ |
| હાલની વય | : | ૭૬ |
| જન્મસ્થળ | : | મિરાટી, પશ્ચિમ બંગાળ |
| કેરિયરની શરૂઆત | : | ૧૯૬૯ |
| રાજકીય પાર્ટી | : | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ<br>રાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસ (૧૯૮૮-૮૯) |
| પત્ની | : | સુવરા મુખર્જી |
| ધર્મ | : | હિંદુ |
| પ્રથમવાર રાજ્ય-સભામાં પ્રવેશ | : | વર્ષ ૧૯૬૯ |
| પ્રથમવાર કેન્દ્રીય મંત્રી | : | વર્ષ ૧૯૭૩ |

## પ્રણવની જીતની સાથે સાથે

નવીદિલ્હી, તા.૨૨

પ્રણવ મુખર્જી આજે દેશનાં ૧૩માં રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા હતાં. રાષ્ટ્રપતિ બનવા માટે જરૂરી મત કરતાં પ્રણવને વધુ મત મળ્યા હતાં જેથી તેમનાં સમર્થકોમાં જોરદાર ઉજવણી શરૂ થઈ ગઈ હતી. પ્રણવની જીત સાથેનો ઘટનાક્રમ નીચે મુજબ છે.

- મત ગણતરી શરૂ થવાની સાથે જ પ્રણવે લીડ મેળવી લીધી હતી.
- અંતે ભારે અંતરથી સંગમા ઉપર જીત મેળવી.
- શરૂઆતથી જ ઉજવણી શરૂ થયા બાદ મોડી સાંજ સુધી ઉજવણી ચાલી.
- પ્રણવ મુખર્જીનાં આવાસ ૧૩ તાલકટોરાની સુરક્ષા વધારી દેવામાં આવી.
- પ્રણવ મુખર્જી પર અભિનંદનની વર્ષા શરૂ થઈ.
- દિલ્હીનાં મુખ્યમંત્રી શીલા દિક્ષીત અને રાજસ્થાનનાં મુખ્યમંત્રી અશોક ગેહલોત સહિત ઘણાં રાજ્યોનાં મુખ્યમંત્રીઓએ અભિનંદન આપ્યાં.
- સંસદભવનનાં હોલ નંબર ૬૩માં મત ગણતરી યોજાઈ.
- શનિવાર સુધી સંસદભવન સુધી તમામ રાજ્યોમાંથી મતપેટીઓ પહોંચી ગઈ હતી.
- શનિવારથી મતપેટીઓ સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવી હતી.
- ગુરૂવારનાં દિવસે રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ૭૮૬ સાંસદો અને ૪૧૨૦ ધારાસભ્યો પૈકી ૯૫ ટકાએ તેમનાં મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.
- ૩૦ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશોમાં તથા સંસદભવનમાં મતદાન કેન્દ્રો સ્થાપિત કરાયા હતાં.
- સપાના નેતા મુલાયમસિંહ યાદવ સહિત ૧૫ સાંસદોનાં મત ગેરકાયદે લાયક થયા.
- સાંસદોનાં મત પૈકી પ્રણવ મુખર્જીને ૫૨૭ અને તેમનાં હરીફ સંગમાને ૨૦૬ મત મળ્યાં.
- પ્રણવને જીત માટે ૫૨૫૧૪૦ મતની જરૂર હતી.
- લાંબા અનુભવનાં કારણે પ્રણવ મુખર્જી શક્તિશાળી નેતા સાબિત થશે.
- તૃણમૂલ કોંગ્રેસનો ટેકો મળતાં પ્રણવની જીત નક્કી થઈ ગઈ હતી.
- સપા, બહુજન સમાજપાર્ટી, રાષ્ટ્રીય જનતાદળ (સેક્યુલર), જનતાદળ યુનાઈટેડ, શિવસેના, સીપીએમ અને ફોરવર્ડ બ્લોકનો ટેકો પ્રણવને મળ્યો હતો.
- ભાજપનાં ડઝન જેટલાં ધારાસભ્યોએ પ્રણવની તરફેણમાં મતદાન કર્યું હતું.
- ભાજપ શાસિત રાજ્યોનાં ધારાસભ્યોએ સંગમાને મત આપ્યા હતાં.
- સંગમાને ભાજપ, બીજેડી, શિરોમણિ અકાલીદળ, અન્નાદ્રમુકનો ટેકો હતો.

## પ્રણવની વિશેષતા......

- પ્રણવ ૧૯૬૯માં પ્રથમવખત રાજ્યસભામાં ચૂંટાયા
- કેરિયરની શરૂઆત વકીલાત અને પત્રકારત્વ તરીકે કરી
- ૧૯૭૩માં પ્રથમ વખત કેન્દ્રીય પ્રધાન બન્યાં
- કોંગ્રેસ અથવા તેનાં નેતૃત્વ હેઠળની તમામ સરકારમાં પ્રધાન બન્યાં
- ૧૯૮૦માં વાણિજ્યમંત્રી, ૧૯૮૨માં નાણામંત્રી, ૧૯૯૫માં વિદેશમંત્રી, ૨૦૦૪માં સંરક્ષણમંત્રી બન્યાં
- ૨૦૦૯થી ૨૬ જુન ૨૦૧૨ સુધી પ્રણવ નાણામંત્રી તરીકે રહ્યાં
- યુપીએ સરકાર અને કોંગ્રેસ પાર્ટીનાં સંકટમોચક બન્યાં
- એક વખતે પ્રણવને પક્ષ છોડવાની ફરજ પડી હતી
- ઈન્દિરા ગાંધીની હત્યા બાદ રાજીવ ગાંધી વડાપ્રધાન બનતાં પ્રણવને પ્રધાનમંડળમાં સામેલ કરાયા નહતાં
- પ્રણવે કોંગ્રેસમાંથી રાજીનામુ આપી રાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસની રચના કરી હતી
- નરસિંહરાવ પ્રણવને ફરી કોંગ્રેસમાં લઈ આવ્યા હતાં અને આયોજન પંચના નાયબ અધ્યક્ષ બનાવ્યા હતાં
- ઈમરજન્સી દરમિયાન ઈન્દિરા ગાંધીના ઘણાં નિર્ણય પ્રણવદાએ કરી હોવાની ચર્ચા રહી છે

# ટોચની ૭ કંપનીઓની માર્કેટ મૂડી ૧૪,૯૩૧ કરોડ ઘટી છે

મુંબઈ, તા.૨૨

સેન્સેક્સની ટોચની સાત કંપનીઓને સંયુક્ત માર્કેટ મૂડીનો છેલ્લા સપ્તાહમાં ૧૪૯૩૧ કરોડનો ઘટાડો થયો છે. સોફ્ટવેરની મહાકાય કંપની ટીસીએસમાં સૌથી વધુ ૫૨૦૭ કરોડનો ઘટાડો થયો છે. ઓએનજીસી, ટીસીએસ, આઈટીસી, એસબીઆઈ, એચડીએફસી બેંક, એનટીપીસી, ઈન્ફોસીસની માર્કેટ વેલ્યુમાં ઘટાડો થયો છે. જ્યારે આરઆઈએલ, કોલઈન્ડિયા અને ભારતી એરટલેમાં ફ્લેટ કારોબારી બજારમાં સુધારો થયો છે. બીએસઈ સેન્સેક્સમાં ૦.૩૨ ટકા સુધીનો ઘટાડો થયો છે. આની સાથે જ સેન્સેક્સ ૧૭૧૫૮ની સપાટીએ રહ્યો હતો. ટીસીએસની માર્કેટ મુડીમાં ૫૨૦૭ કરોડનો ઘટાડો થતા તેની માર્કેટ મુડી ઘટીને ૨૩૯૩૭૭ કરોડ થઈ ગઈ છે. આ કંપનીએ મોસ્ટવેલ્યુડ કંપની તરીકેનો દરજ્જો પણ ગુમાવી દીધો છે. ઓએનજીસીએ આ દરજ્જો મેળવી લીધો હતો. ઓએનજીસી બાદ એસબીઆઈમાં પણ સૌથી મોટો ઘટાડો નોંધાયો છે. તેની માર્કેટ મૂડીમાં ૩૦૦૩ કરોડનો ઘટાડો થયો છે. જેથી તેની માર્કેટ મૂડી ઘટીને ૧૪૩૨૩૭ કરોડ થઈ ગઈ છે. આવી જ રીતે એનટીપીસીની માર્કેટ મુડીમાં ૮૫૪૫ કરોડનો ઘટાડો થોય છે. જેથી એનટીપીસીની માર્કેટ મુડી ઘટીને ૧૨૮૫૦૫ કરોડ થઈ ગઈ છે. ઓએનજીસીની માર્કેટ વેલ્યુમાં ૧૭૯૭ કરોડનો ઘટાડો થયો છે. આની સાથે જ તેની માર્કેટ મૂડી ૨૪૧૭૨૦ કરોડ થયો છે. એચડીએફસી બેંકે ૯૦૬ કરોડ ગુમાવ્યા છે. જેથી તેની માર્કેટ મુડી ૧૩૭૨૬૦ કરોડ થઈ ગઈ છે. આવી જ રીતે આઈટીસીની માર્કેટ મૂડીમાં ૨૮૭ કરોડનો ઘટાડો થયો છે. જેથી તેની માર્કેટ મૂડી ૧૯૭૨૨૭ કરોડ થઈ ગઈ છે. ઈન્ફોસીસની મૂડી ૧૨૭૩૪૧ કરોડ થઈ ગઈ છે. આની બિલકુલ વિરૂદ્ધમાં કેટલીક કંપનીઓની વેલ્યુમાં વધારો થયો છે. આરઆઈએલએ ૧૨૭૭ કરોડ ઉમેર્યા છે જેથી તેની માર્કેટ મૂડી વધીને ૨૩૬૬૩૫ કરોડ થઈ ગઈ છે. સીઆઈએલએ ૪૩૫૯ કરોડ રૂપિયા ઉમેર્યા છે જેથી તેની માર્કેટ મૂડી ૨૨૭૯૮૯ કરોડ થઈ ગઈ છે.

## કોની માર્કેટ મૂડી ઘટી

સપ્તાહ દરમિયાન સેન્સેક્સની ટોચની સાત કંપનીઓની માર્કેટ મૂડીમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. ટીસીએસ, ઓએનજીસી, આઈટીસી, એસબીઆઈ, એનટીપીસી, ઈન્ફોસીસની માર્કેટ મુડીમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. જે નીચે મુજબ છે.

| કંપની | માર્કેટ મૂડીમાં ઘટાડો | કુલ માર્કેટ મૂડી |
|---|---|---|
| ટીસીએસ | ૫૨૦૭ | ૨૩૭૩૭૭ |
| એસબીઆઈ | ૩૦૦૩ | ૧૪૩૨૩૭ |
| એનટીપીસી | ૨૮૪૫ | ૧૨૮૫૦૫ |
| ઓએનજીસી | ૧૭૯૭ | ૨૪૧૮૨૦ |
| એચડીએફસી બેંક | ૯૦૬ | ૧૩૭૨૬૦ |
| આઈટીસી | ૫૮૭ | ૧૯૭૭૨૭ |
| ઈન્ફોસીસી | ૫૮૬ | ૧૨૯૩૪૧ |

નોંધ : તમામ આંકડા કરોડમાં છે.

### રાજ્યસભામાં ચૂંટાયા બાદ એકપછી એક સફળતા

# પ્રણવ ૧૯૬૯માં પ્રથમ વખત રાજ્યસભા માટે ચૂંટાયા હતા

નવીદિલ્હી, તા.૨૨

યુપીએનાં સંકટમોચક, રાજનીતિનાં ચાણક્ય, સર્વશ્રેષ્ઠ વહીવટીકાર, ભૂતપૂર્વ નાણામંત્રી, વિદેશ મંત્રી, સંરક્ષણ મંત્રી એવા પ્રણવ મુખર્જી હવે દેશનાં રાષ્ટ્રપતિ બની ગયા છે. પ્રણવ મુખર્જીને વિરોધ પક્ષો પણ સન્માનથી જુએ છે. કોંગ્રેસનાં વરિષ્ઠ નેતા પ્રણવ મુખર્જીને કોઈપણ ઓળખ આપવાની જરૂર નથી. ૪ ફુટ ૮ ઈંચની ઉંચાઈ ધરાવતા પ્રણવ ૭૭ વર્ષ પહેલાં ૧૧ ડિસેમ્બર ૧૯૩૫નાં દિવસે પશ્ચિમ બંગાળના મિરાટી ગામમાં જન્મ્યા હતાં. પોલટૂ તેમનું નામ હતું. એ વખતે કોઈએ એવી કલ્પના કરી નહતી કે એક દિવસ પોલટૂ દેશનાં રાષ્ટ્રપતિ બનશે. વકીલાત અને પત્રકારત્વથી પોતાની કેરિયર શરૂ કરનાર પ્રણવ મુખર્જી ૧૯૬૯માં પ્રથમવાર રાજ્યસભા માટે ચૂંટાઈ આવ્યા હતાં, ત્યારબાદ તેમણે ક્યારેય પાછું વળીને જોયું નથી. ૧૯૭૩માં પ્રથમવખ પ્રણવ મુખર્જી કેન્દ્રીય મંત્રી બન્યા હતાં, ત્યારબાદથી પ્રણવ કોંગ્રેસ અથવા તો તેના નેતૃત્વ હેઠળની તમામ સરકારોમાં પ્રધાન રહ્યા હતાં. ૧૯૮૦માં વાણિજ્ય પ્રધાન, ૧૯૮૨માં નાણામંત્રી, ૧૯૯૫માં વિદેશમંત્રી, ૨૦૦૪માં પ્રથમવાર સંરક્ષણમંત્રી બન્યા હતાં. વર્ષ ૨૦૦૯થી ૨૬ જુન ૨૦૧૨ સુધી પ્રણવ નાણામંત્રી તરીકે રહ્યા હતાં. ૧૯૯૬થી ૨૦૦૪ વચ્ચેનાં ગાળામાં કેન્દ્રમાં બિનકોંગ્રેસી સરકાર હતી પરંતુ ૨૦૦૪માં યુપીએ સત્તામાં આવ્યા બાદથી પ્રણવ મુખર્જી કોંગ્રેસ અને સરકારનાં સંકટમોચક બની ગયા હતાં. પ્રણવ ૨૦૦૪માં પ્રથમ વખત લોકસભા ચૂંટણી જીત્યા હતાં. કોંગ્રેસમાં પ્રણવની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ હતી પરંતુ ઈન્દિરા ગાંધીના અવસાન બાદ એક સમય એવો આવ્યો હતો જ્યારે પ્રણવને પાર્ટી સાથે છેડો ફાડવો પડ્યો હતો. ઈન્દિરા ગાંધીની હત્યા બાદ વડાપ્રધાન બનેલાં રાજીવ ગાંધીએ તેમને પ્રધાનમંડળમાં સામેલ કર્યા નહતાં જેનાં કારણે પ્રણવે નારાજ થઈ રાજીનામું આપી દીધું હતું. બાદમાં રાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસની રચના કરી હતી. નરસિંહરાવ પ્રણવને ફરી કોંગ્રેસમાં લઈ આવ્યા હતાં. બાદમાં આયોજન પંચના નાયબ અધ્યક્ષ બનાવ્યા હતાં. મનમોહનસિંહ સરકારમાં પ્રણવ મુખર્જીનું કદ મોટું હતું. સરકારનાં દરેક સંકટનો ઉકેલ દાદા લાવતા હતાં. અનેકવખત પોતાનાં નિર્ણયોનાં કારણે વિવાદમાં આવ્યા હતાં. ઈમરજન્સી ગાળા દરમિયાન ઈન્દિરા ગાંધીનાં ઘણાં નિર્ણય માટે પ્રણવને જવાબદાર ગણવામાં આવે છે. પ્રણવને શાહ કમિશન સમક્ષ ઉપસ્થિત થવાની ફરજ પડી હતી.

# ટેલિકોમ અંગે EGoMની મંગળવારે મહત્વપૂર્ણ બેઠક

નવી દિલ્હી, તા. ૨૨

ગૃહ પ્રધાન પી. ચિદમ્બરમના નેતૃત્વમાં ટેલિકોમ અંગેની એમ્પાવર્ડ ગૃપ ઓફ મિનિસ્ટરર્સની મિટિંગ મંગળવારે મળશે જેમાં વિવિધ મુદ્દાઓ ઉપર વાતચીત થશે. ઈજીઓએમઈની બેઠકમાં એક વખતની સ્પેક્ટ્રમ ફીના મુદ્દા ઉપરાંત એરવેવ્સ માટે લઘુત્તમ કિંમત અંગે અંતિમ ભલામણ મામલે પણ ચર્ચા વિચારણા કરવામાં આવશે. ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કેસમાં ૧૨૨ લાયસન્સ રદ કરવાના સુપ્રીમ કોર્ટના આદેશ બાદ હવે એરવેવ્સની હરાજી કરવામાં આવનાર છે. ઈજીઓએમની બેઠક નિર્ધારીત કાર્યક્રમ મુજબ મંગળવારના દિવસે મળનાર છે. ત્રીજી જુલાઈના દિવસે કેન્દ્રિય કેબીનેટની મિટિંગે એક વખતની સ્પેક્ટ્રમ ફીનો મામલો ઈજીઓએમને સોંપી દીધો હતો. એક વખતની સ્પેક્ટ્રમ ફી હેઠળ ટેલિકોમ મંત્રાલયે ઓપરેટરો દ્વારા જાળવી રાખવામાં આવેલા સ્પેક્ટ્રમ માટે ચાર્જનું સુચન કર્યું હતું. ફેબ્રુઆરી માહિનામાં સુપ્રીમ કોર્ટે ૧૨૨ ટેલિકોમ કંપનીઓના લાયસન્સ રદ કરી દીધા હતા. આ ૧૨૨ ટેલિકોમ લાયસન્સ આઠ સર્વિસ આપનાર કંપનીઓના હતા. જેમાં યુનિનોર, લુપ ટેલિકોમ, ડીબી, વિડિયોકોમ, એસટેલના તમામ પરવાના રદ કરાયા હતા. જ્યારે સીસ્ટેમાના ૨૧, આઈડ્યા સેલ્યુલરના નવ અને તાતા ટેલિ સર્વિસના ૩ લાયસન્સ રદ કરાયા હતા. સ્પેક્ટ્રમની હરાજી સાથે સંબંધીત જટીલ મામલાઓ ઉપર છેલ્લા ઘણાં સમયથી ચર્ચા ચાલી રહી છે. સ્પેક્ટ્રમની કિંમતના મુદ્દાઓ ઉપર હવે ટુંકમાં જ નિર્ણય લેવામાં આવશે.

# પ્રણવદા હવે એમ્બેસેડરથી આધુનિક મર્સિડીઝ કારમાં

નવીદિલ્હી, તા.૨૨

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની રાજકીય કેરિયર પાંચ દશકથી પણ વધુની છે પરંતુ આ સમયગાળા દરમિયાન એમ્બેસેડકર કારમાં મોટાભાગે મુસાફરી કર્યા બાદ હવે પ્રણવ મુખર્જી એમ્બોસેડરથી મર્સિડીઝ બેન્ઝ એસ૬૦૦ (ડબલ્યુ ૨૨૧) પુલમનગાર્ડ કારમાં આવી જશે. પાંચ દશકની તેમની રાજકીય કેરિયમાં પ્રથમ વખત આ અત્યાધુનિક કારમાં પ્રણવ મુખર્જી આવી ગયા છે. હજુસુધી પશ્રિમ બંગાળના ઉત્તરપારામાં બનેલી એમ્બેસેડર કારમાં પ્રણવ મુસાફરી કરી રહ્યા હતાં. પરંપરાગત રીતે રાષ્ટ્રપતિ માટે જ બનેલી આ કારમાં અત્યાધુનિક સુવિધાઓ રહેલી છે. આમાં હાઈડ્રોલિક દરવાજા છે જે હળવા સંકેતથી ખૂલે છે. ગાડીમાં સાઉન્ડપ્રુફ ગ્લાસ પાર્ટીશન છે. આમાં અત્યાધુનિક મનોરંજનની વ્યવસ્થા રહેલી છે. કોઈપણ પ્રકારનું મ્યુઝિક સાંભળી શકાય છે. ટેલિવિઝન ઉપર વર્તમાન સમાચાર પણ જોઈ શકાય છે. આ કાર સુરક્ષાની દૃષ્ટિએ અતિઆધુનિક છે. મિલિટ્રી રાયફલથી કરાયેલાં ગોળીબારની તેનાં પર કોઈ અસર થઈ શકે નહીં. ગ્રેનેડ ને વિસ્ફોટકોથી આ કારને નુકસાન થાય તેમ નથી.

## શબ્દ સમીપે

• ચોથા પાનાનું અનુસંધાન

કારિત્વ જેવા લેખોમાં આ વિષય આલેખવા માટેની લેખકની દૃષ્ટિ સજ્જતા અને શ્રમના દર્શન થાય છે.

લેખકે આ પુસ્તકમાં ખાસ કરીને દલિત સાહિત્ય અને દલિત ચળવળમાં ભાગ્યે જ ચર્ચાયેલાં પણ પોતાના ક્ષેત્રોમાં ભારે નામના મેળવનાર કલાકાર, કસબીઓના વ્યક્તિ ચિત્રો ખુબ જ સહજ કહી શકાય એ રીતે આપ્યા છે. જેમાં રામજીભાઈ વાણીયા, મણીરાજ બારોટ, દિવાળીબેન ભીલ અને હેમંત ચૌહાણનો સમાવેશ કર્યો છે. આ બધા કેવા અભાવોમાં તપીને બહાર આવ્યા તેનું વાસ્તવિક આલેખન અહીં આપણને મળે છે. જેમાં લેખકની પ્રતિબધ્ધતા અને વ્યક્તિ વિશેષોને જોવા - મુલવવાની દૃષ્ટિ જોઈ શકાય છે.

નટુભાઈ પરમારનો પરિચય સંબંધોની લકીરના લેખક તરીકે આપતાં આપણાં વરિષ્ઠ પત્રકાર વિષ્ણુ પંડ્યા નોંધે છે કે, 'યથાતથ' થોડીક અલગ સામગ્રી લઈને આવે છે. તેમાં દલિત સાહિત્યમાં સૌરાષ્ટ્રથી માંડીને ડૉ. આંબેડકર, જૉસેફ મૅકવાન, રામજીભાઈ વાણીયા, કિસન સોસા, ચંદ્રકાન્ત બક્ષીનું મુલ્યાંકન અલગ અલગ બાજુથી કરાયું છે. તો વર્તમાન મુખ્ય પ્રધાનનાં પુસ્તક 'સામાજિક સમરસતા' નું વિવેચન પણ એક સરકારી અધિકારી અને વળી દલિત લેખક એમ બેવડી ભૂમિકાએથી કર્યું છે. તે વાંચકોને રસપ્રદ લાગશે. લેખક સ્વ. સર્વબંધુ પાગલ બાબાને સન્માન આપતાં નરેન્દ્રભાઈ મોદીએ કરેલું વિધાન 'સમાજના આવા પાગલોની પાછળ હું ય પાગલ છું.' નું સ્મરણ કરીને સંવિધાન યાત્રા, ગરીબ કલ્યાણ મેળામાં દલિતો વંચિતોને કેન્દ્રમાં રાખવાનાં મહત્ત્વના લક્ષણો તારવીને 'સમભાવ + મમભાવ = સમરસતા' એવાં સૂત્રને સમજાવવાનો અને સમજવાનો પ્રયત્ન કર્યો છે તે નોંધનીય છે. અહીં વિષ્ણુભાઈ ખાસ નોંધે છે કે પૂર્વગ્રહ અને પક્ષપાત : આ બંને વલણઓ સમાજ જીવનને ખતરનાક રસ્તા પર લઈ જાય છે. સાહિત્ય સર્વત્ર એનાથી બચવું જોઈએ. નટુભાઈ એ આ કાર્ય કુશળતા અને સંવેદના પૂર્વક બજાવ્યું છે. તે માટે તેમને અભિનંદન સહ તેમની આ કૃતિને 'યથાતથ' આવકારું છું.

**યથાતથ**
**લેખક - નટુભાઈ પરમાર**
**પ્રકાશક - 'સમાજમિત્ર' ચેરીટેબલ ટ્રસ્ટ, 'છાંયડો' ૧૬૮/૨, સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર-૨૫, ગાંધીનગર.**
**પૃષ્ઠ - ૧૯૪, કિંમત - રૂા. ૧૫૦/-**

## પરણેતરની પ્રીત

• ચોથા પાનાનું અનુસંધાન

મનોમન હૈયામાં ઉતારી પોતાના ખેતરમાં જવા પગ ઉપાડ્યો.

દેવો કંકુ સાથે વાદવિવાદ કરતો હતો ત્યાં સોનલબા અને ગગજી આવી પહોંચ્યા. સોનલબાનો ગુસ્સો ભરેલો ચ્હેરો જોઈ કંકુ ધ્રુજી ગઈ. સોનલબા હાથમાં મોટા ડાંડો લઈને મોટી ડાંફ ભરતાં કંકુ, લાભુ અને લીલકી ત્રણેયનો ઉધડો લેતા લાકડીથી માર મારતાં બરાડી ઉઠ્યા. 'કંકુડી, તે મારી વહુ અને ગગજી સાથેના આડા સંબંધની ખોટી વાતો કરી આબરૂના ધજાગરા કર્યા. અધુરામાં પુરૂં તે આવી તદ્દન ખોટી હલકી વાત દેવાને કરી.' એમ બોલતાં બોલતાં સોનલબાએ ત્રણેય સ્ત્રીઓને ખુબ જ માર માર્યો.

આથી કંકુની આંખોમાં રોષ ભરાયો ને તેણી મર્યાદા મૂકી બકવાસ કરવા લાગી, 'સોનલબા, હવે તમે પણ મુઠ્ઠી બાંધી રાખો તો સારૂં!'

કંકુના શબ્દો સાંભળતા દેવો ઉશ્કેરાઈ ગયો અને બોલી ઉઠ્યો, કેમ? સોનલબાએ શું કર્યું છે તે બાંધી મુઠ્ઠી રાખવાનું કહે છે!'

'એ મને નહીં સોનલબાને પૂછો!'

આથી સોનલબાની આંખોમાંથી અંગારા વરસતાં હોય તેમ બોલી ઉઠ્યા. 'કંકુ, જરા વિચારીને મર્યાદામાં રહે જે નહિતર આજે જોયા જેવી થઈ જશે સમજી!'

'અરે સોનબા સત્ય તો બધાને કડવું લાગે! પગ નીચેથી રેલો આવ્યો ત્યાં કેમ પગ ઢીલા થઈ ગયા. વર્ષો પહેલાંના ભૂતકાળને યાદ કરોને! અનરાધાર વરસતા વરસાદમાં ખેતરમાં તમે અને તમારો સાથી દેહર ગંજી કરતાં કરતાં તમે પડી ગયેલા તે સમયે તમારા સાથીએ તમને પડતા બચાવી લીધેલા. તમે બંને એકબીજાના બાહુપાસમાં ઝકડાઈ ગયા હતા. તમારો સાથી આ ગગજીનો બાપો તમને તેડીને ઓરડીમાં લઈ ગયેલ, યાદ કરો એ જુવાનીના તમારા દિવસો અને વળી, પાછા ચોર કોટવાળને ડંડે છે.' કંકુએ બળાપો કાઢતાં કહ્યું.

દીકરા દેવાની હાજરીમાં કંકુના મોઢે કંકુના શબ્દો સાંભળતા સોનલબાને ધરતી પગ નીચે સરકતી લાગી તેમને બધું ગોળ ગોળ ફરતું દેખાવા લાગ્યું. તે મગજ પરનો કાબુ ગુમાવી બેઠા ને અવાક્ થઈ જતાં ધરતી પર ફસડાઈ પડ્યા.

ખેતરમાં થયેલ આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. ગામમાં અને આજુબાજુના પંથકમાં ચૌરેચોટે સોનલબા અને અમુની ચારિત્ર્યહીનતાની વાતો ચર્ચાવા લાગી. આથી દેવું ચોધાર આંસુએ રડી પડ્યો ને હીબકાં ભરવા લાગ્યો.

દેવાને પોતાની જનેતા સોનલબા અને પત્ની અમુ પર તિરસ્કાર થયો. માતા અને પત્નીની ખરાબ વાતો સાંભળતા દેવું હંમેશ માટે ગામ છોડીને ભાગી ગયો.

(ક્રમશઃ)